# ૨૦૧૮–૨૦૧૯

## હુકમ નં.૧

**અરજદારની આઈ.ડી.નં. ૧૭૭, તા.૧૪/૦૬/૧૮ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી નં.** SMC/BRIDGE CELL/FAP/IN./No.01/2018-19.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૫/૦૭/૨૦૧૮ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૬/૦૭/૧૮ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં. ૧૭૭, તા.૧૪/૦૬/૧૮ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૯/૦૬/૧૮ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા તા.૧/૧/૧૬ થી તા.૧૪/૬/૧૮ સુધીમાં સુરત મહાનગરપાલિકાના પદાધીકારીઓ ધ્વારા બહાર પાડવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે ઠરાવો, તમામ પ્રકારના હુકમોની નકલો વિગેરેની મુદ્દા નં. ૧ થી ૪ના વિવિધ દસ્તાવેજોની નકલની માંગણી કરેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૪ ની પુર્તતા અંગે અત્રેના ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતીની અત્રેના ખાતાને લાગત ન હોય, પુર્તતા કરતો પત્ર અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૨૬,તા.૦૨/૦૭/૧૮થી અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં તેઓ ધ્વારા જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ ગેરમાર્ગે દોરતો જવાબ આપી માંગેલ માહિતી પુરી પાડેલ ન હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૩૧/૦૭/૧૮ ના રોજ રજુ કરવા બોલાવાવમાં આવેલ, જેમાં અરજદાર હાજર ન રહેલ હતા અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જણાવેલ કે, તેઓએ અરદારને આપેલ માહિતી યોગ્ય અને ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, જે બાબતે જરૂરી જાણ કરવામાં આવેલ છે.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૩૧/૦૭/૨૦૧૮ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. **જેમા અરજદાર ગેરહાજર રહેલ હતા.** જયારે જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની હાજર રહેલ હતા.

## -: હુકમ :-

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં. ૧૭૭, તા.૧૪/૦૬/૧૮ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી અત્રેના ખાતાને લાગત ન હોય, આપવામાં આવેલ નથી. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૨**

**અરજદારની આઈ.ડી.નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

**અપીલ અરજી** નં.SMC/BRIDGE CELL/FAP/IN.No.2/2018, તા.૧૩/૦૮/૨૦૧૮,

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૧૩/૦૮/૨૦૧૮ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૩/૦૮/૧૮ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૩/૦૮/૧૮ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા–પાણી–નાસ્તો – જમવાના પાછળ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવેલ ખર્ચ બાબતે વિગેરે મુદ્દા નં. ૧ થી ૫ ની માહિતી પુરી પાડવા બાબત.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧ થી ૫ ની પુર્તતા અંગે અત્રેના ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતીની પુર્તતા કરતો પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૪૯, તા.૧૦/૦૯/૨૦૧૮થી અરજદારને નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં તેઓ ધ્વારા જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી સમયમર્યાદા બાદ પણ પુર્તતા ન કરેલ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૨૮/૦૮/૧૮ ના રોજ રજુ કરવા બોલાવાવમાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ ન હતા અને જા.મા.અધિકારીશ્રી હાજર રહેલ હતા. તેઓએ અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જણાવેલ કે, તેઓએ અરદારને આપેલ માહિતી યોગ્ય સમયે અને ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આપવામાં આવેલ છે. જે બાબતે જરૂરી જાણ કરવામાં આવેલ છે.

**૬. રીમાર્કર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. **જેમા અરજદાર ગેરહાજર રહેલ હતા.** જયારે જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની હાજર રહેલ હતા. વધુમાં, અરજદારની મુળ અરજી તા.૭/૭/૧૮ ના રોજની અત્રેના ખાતાને તા.૨૩/૮/૧૮ ના રોજ તબદીલ થઈ મળેલ છે. જે અન્વયે અત્રેથી માહિતી યોગ્ય સમયમાં જ આપવામાં આવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ અને નિયત સમયગાળામાં જ આપવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૩**

**અરજદાર ની  આઈ.ડી.નં.૪૮૯, તા.૨૭/૦૯/૨૦૧૯ ની આર.ટી.આઈ. અરજીનાં અનુસંધાને :–**

**અપીલ અરજી** નં.SMC/BRIDGE CELL/FAP/IN.No.2/2019, તા.૦૨/૧૨/૨૦૧૯,

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૨૯/૧૧/૨૦૧૯ ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૨/૧૨/૧૯ ના રોજ મળેલ છે.

**માંગેલ માહિતી :–**

અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા અનુસાર," માહિતી આપવાની સમયમર્યાદા બાદ નાણાં ભરવાનો હુકમ કરેલ છે. અમારો આર.ટી.આઈ.આઈ.ડી.નં.૪૮૯ તા.૨૭/૯/૧૯ થી ૩/૧૦ સુધીમાં ટ્રાન્સફર પત્ર આપવાનો હોય અને ૩/૧૦/૨૦૧૯ થી ૩/૧૧/૧૯ સુધીમાં નાંણા ભરવાનો હુકમ થઈ શકે છે અને અરજી તા.૨૭/૯/૧૯ છે. જેથી મફત માહિતી આપવાનો હુકમ ફરમાવવા " બાબત.

**માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એચ.એમ.સોની ધ્વારા અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. એ થી એકક્ષ પૈકી અત્રેના ખાતાને લાગુ આંશિક માહિતીની પુર્તતા / જરૂરી ફી જમા કરાવવા બાબતે પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૪૯, તા.૦૫/૧૧/૨૦૧૯થી અરજદારને નિયત સમયમર્યાદામાં જાણ કરવામાં આવેલ છે.

**અપીલના મુદ્દાઓ** :–

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજીમાં, માહિતી સમયમર્યાદા બાદ નાણાં ભરવાનો હુકમ કરેલ છે. અમારો આર.ટી.આઈ.આઈ.ડી.નં.૪૮૯ તા.૨૭/૯/૧૯ થી ૩/૧૦/૧૯ સુધીમાં ટ્રાન્સફર પત્ર આપવાનો હોય અને ૩/૧૦/૧૯ થી ૩/૧૧/૧૯ સુધીમાં નાંણા ભરવાનો હુકમ થઈ શકે છે અને અરજી તા.૨૭/૯/૧૯ છે. જેથી મફત માહિતી આપવાનો હુકમ ફરમાવવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ.

**અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીને હાજર રહી પોતાના પક્ષે તથા અરજદારના પક્ષે તા.૨૩/૧૨/૨૦૧૯ ના રોજ અત્રેના પત્ર નં. આર.ટી.આઈ./આ./૦૪ તા.૬/૧૧/૧૯ થી રજુઆત કરવા બોલાવવામાં આવેલ, જેમાં અરજદાર હાજર રહેલ તથા જા.મા.અધિકારીશ્રી પણ હાજર રહેલ છે, જે અન્વયે અરજદાર ધ્વારા અપીલ અધિકારી સમક્ષ પોતાની રજુઆત કરતા જણાવેલ કે, અત્રેનાં ખાતાને સંલગ્ન ન હોય તેવી માહિતી તેઓને ગાર્ડન ખાતાનાં લાગેલા કુંડાઓ બાબતે માહિતી આપવા સદર આર.ટી.આઈ. અરજી મારફત જા.મા.અધિકારીશ્રી, ગાર્ડન વિભાગ પ્રતિ ટ્રાન્સફર કરી આપવા હુકમ કરવા જણાવેલ.
જયારે જા.મા.અધિકારીશ્રી ધ્વારા પોતાની રજુઆત કરતાં જણાવેલ કે, સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ હોઈ, અત્રેથી અન્ય કોઈ માહિતી આપવાની રહેતી નથી. સદર કામગીરી ગાર્ડન વિભાગ ધ્વારા કરાવવામાં આવેલ હોઈ, ગાર્ડન ખાતામાંથી માહિતી મળી શકે." તેમ છે.
સદર બાબતે આગળની કાર્યવાહી માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**રીમાકર્સ :–**

———

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં.૪૮૯ , તા.૨૭/૦૯/૨૦૧૯ થી માંગેલ માહિતી / દસ્તાવેજો અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ અને નિયત સમયગાળામાં જ પ્રત્યુતર પાઠવવામાં આવેલ હોય, અરજદારની પ્રથમ અપીલ અરજીનાં સંદર્ભેની માહિતી ગાર્ડન વિભાગને આંશિક સંલગ્ન હોય, સદર અરજદારની મુળ અરજી , પ્રથમ અપીલની અરજી ગાર્ડન વિભાગ પ્રતિ આગળની કાર્યવાહી માટે તબદીલ કરી જરૂરી કાર્યવાહી કરવી તથા તે અંગે અન્ય પ્રથમ અપીલ અરજીનો કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતો મુજબનો હુકમ નિકાલ કરવા સબબ તથા જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in